# સે-૨૬માં છરાના ઘા મારી પત્ની દ્વારા પતિની હત્યા

**મૃતક યુવાને ઉંદર મારવાની દવા પણ પીધી હતી, શેઠ અને તેમના પત્ની રાત્રે ઘરે મળવા ગયા ત્યારે યુવાને પેટમાં દુખતુ અને ઉલ્ટી અંગે વાત કરી હતી, રાત્રીના સમયે પણ ઝઘડો થતા પત્નીએ છરા મારી પતિને ઢાળી દીધો, યુવાન પત્નીને લઈ ૧૦ દિવસ પહેલા ગાંધીનગર રહેવા માટે આવ્યો હતો, પોલીસ તપાસનો ધમધમાટ**

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૬ કિસાન નગર ખાતે રહેતા યુવકને તેની પત્નીએ જ છરાના ૮ થી વધુ ઘા ઝીંકી દઈ મોતને ઘાટ ઉતાર્યો છે. દંપતિ વચ્ચે સામાન્ય બોલાચાલીના ઝઘડાએ વિકારળ સ્વરુપ ધારણ કરી લેતા આ ઘટના સર્જાઈ છે. પોલીસની પ્રાથમિક તપાસમાં આરોપી મહિલાને પાટનગર ગાંધીનગર રહેવુ ન હતું. તે બાબતે દંપતિ વચ્ચે બોલાચાલી થઈ હતી. યુવક પોતાની પત્ની ને લઈ પાટનગરમાં દશ દિવસ પહેલા જ રહેવા માટે આવ્યો હતો. શહેરમાં અને સેક્ટર-૨૬ માં હત્યાની જાણ થતા હાહાકાર મચી જવા પામી હતી. બનાવ અંગે સેક્ટર-૨૧ પોલીસે મૃતક યુવાનના પિતાની ફરીયાદ લઈ ગુનોં નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ સેક્ટર-૨૧ પોલીસ મથકે મૃતક યુવાનના પિતા નરબતભાઈ કેશાભાઈ પટેલ (ચૌધરી) નોંધાવેલી ફરીયાદ મુજબ તેઓ બનાસકાંઠાના ઘેસડા સીમ ખાતે પોતાના પરિવાર સાથે રહે છે અને ખતી કરી ગુજરાન ચલાવે છે. તેમનો મોટો દિકરો વાકજી છેલ્લા પાંચ વર્ષથી ગાંધીનગર વાવોલ ખાતે રહે છે. ગામના જ નાગરીક વશરામભાઈ પટેલના પ્રિન્ટીંગ પ્રેસ ખાતે યુવક કોમ્પ્યુટર ઓપરેટર તરીકે ફરજ બજાવતો હતો. વાકજીના લગ્ન અઢી વર્ષ પહેલા જ માંગરોળ ગામના પ્રેમાભાઈ પટેલની દિકરી ઉમિયા સાથે થયા હતા. ઉમિયા પિતાના ઘરે રહેતી હતી અને વારે તહેવારે સાસરીમાં આવતી હતી. વાકજી પણ રજા મળે ત્યારે ઘરે જતો હતો. વાકજીએ ૧૦ દિવસ પહેલા જ સેક્ટર-૨૬ કિસાનનગર ખાતે ત્રીજા માળે મકાન ભાડે લીધુ હતું. જેથી વાકજી પોતાની પત્નીને પણ ગાંધીનગર રહેવા માટે લઈ આવ્યો હતો. મૃતક યુવાનના પિતા પર રાત્રીના એક વાગ્યાના અરસામાં વેવાઈનો ફોન આવ્યો હતો. જેમાં તેમણે કહ્યું હતું કે "ઉમિયાનો ગાંધીનગરથી ફોન આવેલો છેઅને તે ફોનમાં રડે છે અને વાકજી કંઈ બોલતા નથી, તેમને કંઈક થઈ ગયું છે" જેથી ફરીયાદી થરાદથી ગાંધીનગર આવવા માટે નીકળી ગયા હતા. આ દરમિયાન તેઓએ ગાંધીનગર રહેતા પોતાના ગામના ધનરાજભાઈ વાલાભાઈ પટેલને ઘરે જઈને તપાસ કરવા માટે કહ્યું હતું. ધનરાજભાઈ રાત્રીના સુમારે સેક્ટર-૨૬ ખાતે પહોંચ્યા તે સમયે વાકજીનો મૃતદેહ ઘરમાં લોહીના ખાબોચીયામાં પડ્યો હતો.ત્યારબાદ ઉમિયાએ કહ્યું હતું કે સાંજે ઝઘડો થયો હતો વાકજીએ કોઈ દવા પી લીધી હતી.ત્યારબાદ રાત્રીના ૯ વાગ્યાના અરસામાં વાકજીના શેઠ વસરામભાઈ પત્ની સાથે બેસવા માટે આવ્યા હતા. આ સમયે વાકજીએ દવાની કે ઝઘડાની વાત કરી ન હતી.

પરંતુ પેટમાં દુખતુ અને હોવાનું અને ઉલ્ટી થતી હોવાનું કહ્યું હતું. ત્યારબાદ રાત્રીના ૧૧ વાગ્યાના અરસામાં પતિ-પત્ની વચ્ચે ફરીવાર ઉગ્ર બોલાચાલી થઈ હતી. ત્યારબાદ રાત્રીના સુમારે પણ વાકજીએ દવા પીધેલી હાલતમાં જ ઝઘડો ચાલુ જ રાખ્યો હતો, જેને પગલે ગુસ્સો આવતા છરાના ઘા મારીને વાકજીની હત્યા કરી હોવાનું ઉમિયાએ કહ્યું હતું. પોલીસે આરોપી ઉમિયાને પકડી પાડી તેનો કોવીડ ટેસ્ટ સહિતની કાર્યવાહી કરી આગળની તપાસ હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી


- ૨૦ મીએ કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહની વધુ એકવાર જિલ્લાના અધિકારીઓ સાથે વીડિયો કોન્ફરન્સ થશે. આરોગ્ય અને ગ્રામ વિકાસ તેમજ સ્વચ્છતા અભિયાનને લઈ તેઓ ચર્ચા કરનાર હોવાનું જાણવા મળેલ છે.
- જિલ્લામાં કોરોનાના સંક્રમણને લઈ એન્ટીજીન ટેસ્ટ શરૂ કરવામાં આવ્યા છે જેમાં ઝડપથી કોરોના અંગેના પરિણામ જાણવા મળે છે.
- જિલ્લાની જળ અભિયાન સમિતિની આજે જિલ્લા કલેકટરના અધ્યક્ષપદે બેઠક મળી હતી જેમાં નલ સે જલ યોજનાની સમીક્ષા કરાઈ હતી.
- જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક રજા પર જતાં નાયબ જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી મનીષા પટેલને ચાર્જ સોંપવામાં આવ્યો છે.
- સહયોગ સંકુલમાં આજે બપોરના સમયે વીજળી ગુલ થતાં કચેરીઓના કામકાજ થંભી ગયા હતા.
- જિલ્લા આયોજન મંડળે મંજૂર કરેલા વિકાસ કામો શરૂ કરવાની વહીવટીય મંજૂરી તાત્કાલિક આપવામાં આવે તેવી માંગ કુડાસણના જિલ્લા સદસ્ય બેચરજી ઠાકોરે કરી છે.

# શ્રાવણ માસમાં શિવાલયોમાં સન્નાટો છવાશે

## સોમવારે શિવલિંગ પર દૂધાભિષેક-જળાભિષેક કે બિલિપત્ર ચઢાવવાની મંજૂરી મળે તેવી શક્યતા ઓછી

ગાંધીનગર, તા. ૧૪

પવિત્ર શ્રાવણ માસના આડે માત્ર ગણતરીના દિવસો રહ્યાં છે ત્યારે શ્રદ્ધાળુઓમાં ખૂબ જ અવઢવની મનોસ્થિતિ જોવા મળી રહી છે. શિવભક્તોને શ્રાવણ માસમાં ખાસ કરીને સોમવારે મહાદેવજીનો બિલિપત્ર ચઢાવવા અને જળાભિષેક તથા દુગ્ધાભિષેક સહિત પૂજા-અર્ચના કરવા મળશે કે કેમ તે અંગે ઉત્સુકતા જોવા મળી રહી છે. જો કે તાજેતરમાં રથયાત્રા અને ગુરૂપૂર્ણિમા જેવા મોટા ધાર્મિક ઉત્સવો પણ કોવિડ-૧૯ સંક્રમણના જોખમે અનુલક્ષીને રદ કરવા પડ્યાં છે અને હજુ પણ જે રીતે કોવિડ-૧૯ પોઝિટિવ કેસોમાં વધારો થઈ રહ્યો છે તે જોતા શ્રાવણ માસમાં ભાવિકોને મહાદેવજીના મંદિરોમાં શિવપૂજાનો અવસર પ્રાપ્ત થાય તેવું જણાતુ નથી.



દેશમાં કોરોના વાયરસને કારણે લોકડાઉનની શરૂઆત સાથે દિલ્હીના મરકઝમાં જે રીતે જમાતીઓના જમાવડાની અને પછી તેમના દેશભરમાં ફેલાઈ જવાની ઘટનાને કારણે કોરોના સંક્રમણને વેગ મળ્યો હોવાના જાગેલા વિવાદથી માંડીને તાજેતરમાં ગાંધીનગર જિલ્લાના પલિયડ ખાતે યોજાયેલા એક પાટોત્સવમાં મોટી શોભાયાત્રા યોજાઈ જેમાં હાથી પર સવારી કરનાર મંદિરના પુજારીને જ કોરોના પોઝીટીવ આવતાં ફરી ચકચાર મચી જવા સાથે કોવિડ-૧૯ના સંક્રમણનું જોખમ વધી જવા પામ્યું છે. આ સ્થિતિમાં શહેરમાં આ વર્ષે પવિત્ર શ્રાવણ માસમાં શિવાલયોમાં ઘંટનાદ તેમજ ઓમ નમઃ શિવાયના નાદ ગૂંજશે નહી તેવું સ્પષ્ટ જણાઈ રહ્યું છે. જ્યારે ભાવિકો મહાદેવજીના મંદિરે બિલિપત્ર ચઢાવવાં, દૂગ્ધાભિષેક કે જળાભિષેક કરવા અથવા પૂજા-અર્ચના કરવા એકત્રિત થાય છે ત્યારે છે ત્યારે ભીડનો માહોલ સર્જાય છે અને ખાસ કરીને ગર્ભગૃહમાં સોશિયલ ડિસ્ટન્સ જાળવવું ખૂબ અઘરૂ બની રહે તે દેખીતુ છે. આ કારણે મંદિરોમાં પવિત્ર શ્રાવણ માસની પૂજા કરવાનો અવસર આ વર્ષે શ્રદ્ધાળુઓને પ્રાપ્ત થાય તેવા આસાર જણાતા નથી અને આ વર્ષે ભાવિકો પોતાના ઘરે રહીને જ મહાદેવજીને ભજે તે હિતાવહ છે.

## વરલી-મટકુ રમાડતો શખ્સ ઝડપાયો

શહેરના સે-૯ માંથી સેક્ટર-૧ તરફ જવાના માર્ગ પર બાઈક પર બેસીને વરલી મટકાનો આંક લખતો શખ્સ પોલીસના હાથે ઝડપાયો છે. એલસીબી-૨ ની ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન કોન્સ્ટેબલ ભવાનસિંહને બાતમી મળી હતી. જેથી પોલીસે સ્થળ પર જઈને રાજેશ ભીખાભાઈ પરમાર બાઈક પર બેસીને આંકડા લખી રહ્યો હતો. પોલીસે આરોપી પાસેથી ૧ મોબાઈલ, વરલી મટકાના આંક લખેલી ડાયરી, રોકડા રૂ.૧૨,૭૨૦, બાઈક મળીને રૂ.૨૯,૭૨૦નો મુદ્દામાલ કબ્જે કરી આરોપી સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



હાલની પરિસ્થિતિમાં માસ્ક અને હેન્ડ ગ્લોવ્ઝ જરૂરીયાત બની ગયા છે. ઘરની બહાર નીકળતા સમયે અચૂક માસ્ક અને હેન્ડગ્લોવ્ઝ પહેરવા જોઈએ અને ઉપયોગ બાદ તેનો યોગ્ય રીતે નિકાલ થાય તે જોવાની પણ આપણી ફરજ છે. જો કે આ બાબતે આપણે હજુ બેજવાબદારીપૂર્વક વર્તન કરીએ છીએ. માર્ગોની આસપાસ માસ્ક અને હેન્ડ ગ્લોવ્ઝ જયાં ત્યાં પડેલા જોવા મળી જાય છે.

# કોરોનાના કારણે શાળાઓ દિવાળી સુધી શરૂ નહીં થાય

## રાજ્યમાં શાળાઓ ચાલુ થવાને લઇને અવઢવ : સ્કૂલો ખોલવી છાત્રોના જીવને જોખમમાં મૂકવા સમાન છે સરકાર દ્વારા દિવાળી બાદ શાળા ચાલુ કરવાની વિચારણા

ગાંધીનગર, તા. ૧૫

ગુજરાતમાં કોરોના વાયરસના કેસ રોજેરોજ વધી રહ્યા છે છતાં રાજ્ય સરકાર દિવાળી પછી વિદ્યાર્થીઓ માટે સ્કૂલો શરૂ કરવાની વિચારણા કરી રહી છે. અગાઉ કન્ટેઈનમેન્ટ વિસ્તારથી દૂરના ગામડાં અને નાના શહેરોમાં ઓગસ્ટ મહિનામાં ફરીથી સ્કૂલો શરૂ કરવાની યોજના રાજ્ય સરકારે ઘડી હતી. જો કે, હવે કોરોના વાયરસનું સંક્રમણ મોટા શહેરોમાંથી નાના શહેરો અને નગરમાં ફેલાઈ રહ્યું છે. ત્યારે રાજ્ય સરકારના ટોચના અધિકારીઓએ ઓક્ટોબર મહિનાના અંત સુધી સ્કૂલો ના ખોલવાની સલાહ આપી છે. શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીએ કહ્યું, "રાજ્ય સરકાર દિવાળી પછી સ્કૂલો ખોલવાનો પ્રસ્તાવ મૂકી શકે છે. આ દરમિયાન ગ્રામ્ય વિસ્તારોમાં મોબાઈલ કનેક્ટિવિટી સુધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે." રાજ્યના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું, શિક્ષણ વિભાગ ગ્રામ્ય અને સેમી-અર્બન વિસ્તારોમાં ઓગસ્ટ મહિનાથી સ્કૂલો શરૂ કરવાની વિચારણા કરી રહ્યો હતો પરંતુ હાલની સ્થિતિને જોતાં તે શક્ય નથી. ગુજરાતમાં કોરોનાના કેસની સંખ્યા ૪૩ હજારને પાર થઈ છે. દરેક જિલ્લામાં કોરોનાના એક્ટિવ કેસ જોવા મળી રહ્યા છે અને તેમાં વધારો થઈ રહ્યો છે. ત્યારે સ્કૂલો દિવાળી સુધી નહીં ખુલે. એક અધિકારીએ કહ્યું, "હાલના સમયે સ્કૂલો ખોલવી વિદ્યાર્થીઓના જીવને જોખમમાં મૂકવા સમાન છે. અમે સરકારને સલાહ આપી છે કે તેઓ દિવાળી પછી પણ સ્કૂલો શરૂ ના કરે." અધિકારીએ એમ પણ કહ્યું કે, ગ્રામ્ય વિસ્તારોમાં જ્યાં ઈન્ટરનેટ કનેક્ટિવિટી નબળી છે અને મોબાઈલ જેવા સાધનો અપૂરતા છે ત્યારે સરકાર ડિસ્ટન્સ લર્નિંગના માધ્યમો પૂરા પાડવાની વિચારણા કરી રહી છે. ઓલ ગુજરાત પેરેન્ટ્સ અસોસિએશનના પ્રમુખ નરેશ શાહે દિવાળી પછી પણ સ્કૂલો નહીં શરૂ કરવાના પ્રસ્તાવને આવકાર્યો છે. તેમણે કહ્યું, "૧.૨૫ કરોડ વિદ્યાર્થીઓ છે. તેમનું સ્વાસ્થ્ય સારું રહે તે જરૂરી છે. સરકારે આ વર્ષને અપવાદ ગણાવીને ધોરણ ૧૦-૧૨ સિવાયના એકપણ ધોરણની પરીક્ષા ના લેવી જોઈએ." અમદાવાદ પ્રોગ્રેસિવ સ્કૂલ મેનેજમેન્ટ અસોસિએશનના પ્રમુખ અર્ચિત ભટ્ટે કહ્યું, "સંક્રમણ દિવસે ને દિવસે વધી રહ્યું છે ત્યારે સ્કૂલો ફરીથી ક્યારે ખુલશે તે કહેવું મુશ્કેલ છે." ઉદ્‌ગમ સ્કૂલના ટ્રસ્ટી મનન ચોક્સીએ કહ્યું, "જ્યાં સુધી કોરોનાના કેસ નિયંત્રણમાં ના આવે ત્યાં સુધી ઓનલાઈન શિક્ષણ ચાલુ રાખવું જોઈએ. એક કોરોના પોઝિટિવ વિદ્યાર્થી પણ ક્લાસના બાકીના ૪૦ વિદ્યાર્થીઓ અને શિક્ષકોનો જીવ જોખમમાં મૂકી શકે છે. વિદ્યાર્થીઓને ઓનલાઈન શિક્ષણ અપાઈ રહ્યું છે ત્યારે દિવાળી પછી પણ સ્કૂલો ખોલવાનો અમારો વિચાર નથી."

# વરસાદથી થયેલી નુકસાનીનું ખેડૂતોને વળતર ચૂકવાશે

## ગુજરાતની રૂપાણી સરકારનો મોટો નિર્ણય : ગુજરાતમાં જ્યા પણ અતિવૃષ્ટિને કારણે નુકસાન થયું છે ત્યાં નુકસાનીનો સરવે કરીને વળતર ચૂકવવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૫

મુખ્યમંત્રી વિજય રૂપાણીના અધ્યક્ષસ્થાને મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો છે. જે મુજબ, ગુજરાતમાં જ્યા પણ અતિવૃષ્ટિને કારણે નુકસાન થયું છે ત્યાં નુકસાનીનો સરવે કરીને વળતર ચૂકવવામાં આવશે. આ ઉપરાંત ઉત્તર ગુજરાતના કેટલાક ભાગોમાં તીડનાના ઝુંડ આવ્યા છે સરકાર દેખરેખ રાખી રહી છે. જો મોટા સમૂહ હશે તેને નિયંત્રિત કરવાની કાર્યવાહી પણ કૃષિ વિભાગ કરશે. અધિકારીઓને બોલાવીને સૂચના આપી છે.

કેબિનેટ બેઠક પૂર્ણ થયા બાદ જાહેરાત કરાઈ કે, રાજ્યમાં અનેક સ્થળોએ અતિવૃષ્ટિ થઈ છે. ડેમો ભરાયા છે. તો ક્યાંક ડેમ ઓવરફલો થયા છે. નદીકાંઠાના વિસ્તારોમાં પાણીને કારણે ધોવાયા છે. આ અંગે અલગ અલગ વિસ્તારોમાંથી રજૂઆતો આવી છે. સરકારે પણ જળસંપત્તિ કૃષિ વિભાગ અને મહેસૂલ વિભાગના અધિકારીઓ સાથે ફરિયાદો આવી છે તે પ્રમાણે સર્વેની કામગીરી સોંપવામાં આવી છે. નુકસાનીના અંદાજો પ્રાથમિક સર્વેના અંદાજો આવશે તે પ્રમાણે કેબિનેટ બેઠકમાં મુખ્યમંત્રીના માર્ગદર્શન મુજબ પાક કે જમીન ધોવાણનું હશે, પશુઓને નુકસાન થયું છે કે મૃત્યુ થયું છે, તે અહેવાલો મુજબ નુકસાનીનું વળતર આપવામાં આવશે. ભારે વરસાદના કારણે નુકસાન થયું છે તે વિસ્તારોમાં સર્વે કરી નુકસાનીનું વળતર રાજ્ય સરકાર ચૂકવશે.

### આરોગ્ય વિભાગનો મોટો નિર્ણય

# હવેથી કોરોના ટેસ્ટ માટે પૂર્વ મંજૂરીની જરૂર નહીં

ગાંધીનગર, તા. ૧૫

રાજ્યમાં સતત વધી રહેલા કોરોના ટેસ્ટ વચ્ચે રાજ્યના આરોગ્ય વિભાગે વધુ એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. હવે કોરોના વાયરસનો ટેસ્ટ કરાવવા માટે પૂર્વ મંજૂરીની જરૂર રહેશે નહીં. આરોગ્ય વિભાગ દ્વારા કેસ અને ટેસ્ટિંગ માટે પાંચ કેટેગરી નક્કી કરવામાં આવી છે. મહત્વનું છે કે આ પહેલા કોરોના વાયરસનો ટેસ્ટ કરવા માટે પૂર્વ મંજૂરી લેવાની જરૂર પડતી હતી.

હવે રાજ્ય સરકારના આ નિયમ બાદ કોરોના ટેસ્ટ કરાવવો વધુ સરળ બનશે. રાજ્યના આરોગ્ય વિભાગે જાહેરાત કરી છે કે હવે કોરોના ટેસ્ટ કરવા માટે પૂર્વ મંજૂરીની જરૂર રહેશે નહીં. આરોગ્ય વિભાગે ટેસ્ટિંગ અથવા કેસ માટે પાંચ કેટેગરી નક્કી કરી છે. ટેસ્ટ માટે પૂર્વ મંજૂરીની જરૂર પડશે નહીં. જિલ્લા અથવા કોર્પોરેશનના હેલ્થ અધિકારીઓએ મેલ દ્વારા માહિતી આપવાની રહેશે. જે દર્દીના જીવનું જોખમ હોય તો કોવિડના ટેસ્ટની રાહ જોયા વગર તેને વ્યરિત સારવાર આપવાનું પણ આરોગ્ય વિભાગે કહ્યું છે.

આરોગ્ય વિભાગે નક્કી કરેલી પાંચ કેટેગરી

૧. સરકારી-ખાનગી એમડી અને MBBS દ્વારા રીફર કરાયેલ દર્દી
૨. મેજર ઓપરેશનમાં પ્રી-ઓરપરેટિવ વાળા દર્દીઓ
૩. કેન્સરના દર્દીઓ કે જે કિમોથેરાપી-રેડિએશન થેરાપી લેતા હોય.
૪. સગર્ભા અવસ્થામાં ડિલિવરી પહેલાના ૫ દિવસ અથવા સિઝેરિયન થાય તે અગાઉ કોવિડ ટેસ્ટ જરૂરી જણાય તો
૫. ફ્રન્ટ લાઈન હેલ્થ વર્કર, સ્ટાફ નર્સ, તબીબ, લેબ ટેક્નિશિયન

## ૧૪ બેંકમાં જમા ૪ લાખની બનાવટી નોટો અંગે ફરિયાદ

અમદાવાદ, તા. ૧૫

સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપે શહેરની ૧૪ બેંકોમાં ફરતી કરવામાં આવેલી રૂા. ૩,૮૦,૫૦૦ ની નકલી ચલણી નોટ અંગે ગુનો નોંધ્યો છે. દેશનાં અર્થતંત્રને તોડી પાડવા નકલી કરન્સી ફરતી કરનારા તત્વો અંગે પોલીસે તપાસ હાથ ધરી છે. શહેરની ૧૪ બેંક જેમાં એચડીએફસી, કાલુપુર, યશ, કોટક, એ.યુ.સ્મોલ, આઈડીબીઆઈ, યુનિયન, ગુજરાત સ્ટેટ, સ્ટાન્ડર્ડ ચાર્ટડ, આઈસીઆઈસીઆઈ, એક્સીસ, રિઝર્વ, ડીસીબી અને આઈડીએફસી બેંકનો સમાવેશ થાય છે. આ બેંકોમાં કુલ ૩,૮૦,૫૦૦ ની નકલી કરન્સી નોટ જુદા-જુદા દરની આવી હતી. જેમાં રૂ.૨૦૦૦નાં દરની ૧૧૨, ૫૦૦ નાં દરની ૧૩૨, ૨૦૦ નાં દરની ૧૨૩, ૧૦૦નાં દરની ૫૮૪, ૫૦ના દરની ૧૩૮, ૨૦ના દરની ૩,૧૦ના દરની ૨ અને રદ થયેલી ૫૦૦ના દરની એક નોટ મળી કુલ ૧૦૯૭ નંગ નકલી ચલણી નોટ બેંકોમાં આવી હતી. કેટલીક ખાનગી બેંકોમાંથી સૌથી વધુ નકલી ચલણી નોટો આવી છે.

